## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



લોકડાઉન તો ખેંચાશે કે નહીં તે ખબર નથી પણ મારો આ ચડ્ડો હવે બહુ ખેંચે એમ લાગતું નથી...

# ગાંધીનગરના સે-૩/બી, ૫/સી, ૭/સી અને ચ -રોડને કન્ટેન્મેન્ટ એરિયા જાહેર કરાયા

## ચ-રોડને સ્પર્શતા સેન્ટ્રલ વિસ્ટા બગીચાથી શરૂ કરીને પંચાયત પરિષદ ભવનના ઓફિસ બિલ્ડીગ સુધીના સમગ્ર વિસ્તારને કન્ટેન્મેન્ટ કરાયા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ સેકટર-૩/બી, ૫/સી, ૭/સી તથા ચ – રોડને સમાંતર સર્વિસ રોડને સ્પર્શતા સેન્ટ્રલ વિસ્ટા બગીચાથી શરૂ કરીને પંચાયત પરિષદ ભવનના ઓફિસ બિલ્ડીંગ સુધીના સમગ્ર વિસ્તારને કન્ટેન્મેન્ટ એરિયા તરીકે મ્યુનિસિપલ કમિશનર શ્રી ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણએ એક જાહેરનામું બહાર પાડી જાહેર કર્યો છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના મ્યુનિસિપલ કમિશનર શ્રી ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણે જણાવ્યું છે કે, હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાઈરસ કોવિડ-૧૯ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. ભારતમાં પણ કોવિડ-૧૯ના કેસો નોધાયેલ છે. જે બાબતે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાઈરસને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવી છે. કોરોના વાયરસના સંક્રમણને ધ્યાને લેતાં ગાંધીનગર મહાગનર પાલિકાના સેકટર-૧૭, સેકટર-૩/બી, ૫/સી અને ૭/સી ના વિસ્તારમાં નોવેલ કોરોના વાઈરસના પોઝિટીવ કેસ નોંધાયેલ છે. જેથી કોરોના વાઈરસના સંક્રમણના ફેલાવવાની શક્યતાઓ સોશિયલ ડિસ્ટન્સીંગ ના અભાવે વધી રહેલ છે.

જેથી મ્યુનિસિપલ કમિશનર શ્રીએ તેમને મળેલી સત્તાને આધારે ચ રોડને સમાંતર સર્વિસ રોડને સ્પર્શતા સેન્ટ્રલ વિસ્ટા બગીચાથી શરૂ કરીને ગુજરાત સાહિત્ય અકાદમી ભવન, ફાયર સ્ટેશન કેમ્પસ, જિલ્લા પંચાયત ભવન અને પંચાયત પરિષદ ભવનના ઓફિસ બિલ્ડીંગ સુધીનો સમગ્ર વિસ્તાર કન્ટેમેન્ટ એરિયા જાહેર કર્યો છે.

તેમજ અંદાજીત ૬૮૮ ધરોમાં રહેતા ૩,૪૪૬ જેટલી વસ્તી ધરાવતા સેકટર-૩/બી, અંદાજીત ૫૦૦ ધરોમાં રહેતા ૨,૨૩૦ જેટલી વસ્તી ધરાવતા સેકટર-૫/સી અને અંદાજીત ૪૦૦ ધરોમાં રહેતા અંદાજીત ૨૫૮૮ જેટલી વસ્તી ધરાવતા સેકટર-૭/સીને કન્ટેમેન્ટ એરિયા તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

આ જાહેરનામામાં હુકમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. અન્યથા અનાદર કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, તેવું પણ જણાવવામાં આવ્યું છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આજે શાખાધિકારીઓને વિવિધ ગ્રામ્ય વિસ્તારોની સોંપેલી જવાબદારી અંગે બેઠક કરી અને સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ફાયર સ્ટેશન સહિતના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કર્યો આ ઉપરાંત સે-૩, સે-૭-સી, સે-૨૪ ઈન્દિરાનગર અને સે-૫ના વિસ્તારને પણ કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરતા જાહેરનામા પ્રસિધ્ધ કર્યા.
- આજે પ્રદેશ ભાજપની કારોબારી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી યોજાઈ. આ વિસ્તૃત બેઠકમાં મહાનગર-જિલ્લાના પ્રમુખ-મહામંત્રીઓ, મેયર, ડે.મેયર, સ્ટે. કમિટીના ચેરમેન સહિતના પદાધિકારીઓ જોડાયા હતા.
- ગાંધીનગર જિલ્લામાંથી આજે ૧૨૦૦થી પણ વધુ શ્રમિકોને વતન જવા માટે રેલ્વે સ્ટેશન સુધી મોકલવામાં આવ્યા હતા અને તે બધા છત્તીસગઢના હતા.
- ગાંધીનગર શહેરમાં અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અન્ન સેવા કરતા લોકોના પ્રશ્નો અંગે તેમજ એ.પી. એલ-૧ના કાર્ડધારકોને કીટ વિતરણ સહિતના મુદ્દાઓને લઈ આજે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા જિલ્લા કલેકટરશ્રીને મળ્યા હતા.

# ડ્રાઈવર-કંડકટર અને શ્રમિકોને સેનેટાઈઝર-માસ્કનું વિતરણ

કોરોનાના કહેર વચ્ચે શ્રમિકો વતનની વાટે જવા માટે દોટ મુકી છે. છેલ્લા કેટલાક દિવસથી ગાંધીનગર એસટી ડેપો થી બસ મારફતે શ્રમિકોને અમદાવાદ રેલ્વે સ્ટેશન ખાતે મોકલવામાં આવે છે. ત્યારે આજે છત્તીસગઢ જતા શ્રમિકોને મનપાના ડે.મેયર નાજાભાઈ ધાધર દ્વારા ફુડ પેકેટ, પાણીની બોટલ, માસ્ક અને સેનેટાઈઝરની બોટલ આપવામાં આવી હતી. જયારે નાના બાળકોને ચોકલેટ, બિસ્કીટ સહિત નાસ્તાના પેકેટ મળતા બાળકોના ચહેરા પર હાસ્યનું મોજુ ફરી વળ્યું હતું. તે ઉપરાંત શ્રમિકોને લઈને જતા એસટી બસના ડ્રાઈવર-કડંકટર ભાઈઓને પણ સેનેટાઈઝર અને માસ્ક નાજાભાઈ તરફથી આપવામાં આવ્યા હતા.

# પેથાપુર તરપોજવાસ નજીક કોતરમાં જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૧

પેથાપુર તરપોજ વાસ પાસે નદીના કોતરોમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમી પેથાપુર પોલીસને મળી હતી. જેને પગલે પેથાપુર પોલીસે રેઈડ પાડીને જુગાર રમી રહેલા પાંચ શકુનીઓને પકડી પાડ્યા હતા. પોલીસે પકડાયેલા જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૪૨૧૦ જપ્ત કરીને જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. લોકડાઉન વચ્ચે પેથાપુર ગામના તરપોજ વાસ નજીક આવેલ સાબરમતિ નદીના કોતરમાં જુગાર રમતા વસીમ મહેબુબ મનસુરી, ઉદાજી અમરતજી ઠાકોર, ભરતજી દશરથજી ઠાકોર, ચંદુજી બેચરજી ઠાકોર અને બળદેવજી ઉર્ફે બંદી વેચાતજી ઠાકોરને પેથાપુર પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે પાંચેય શખ્સો પાસેથી રૂ.૪૨૧૦ જપ્ત કરીને જુગારધારા અને જાહેરનામા ભંગની ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# ડીડીઓએ ગાંધીનગર તાલુકાના નવ ગામોની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર તાલુકાના ગિયોડ ગામની મુલાકાતે ગયેલા જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે ગામમાં માસ્ક પહેર્યા વગર ફરતા ત્રણ વ્યક્તિઓને સ્થળ પર જ દંડ ફટકાર્યો હતો. તાત્કાલિક ત્રણ વ્યક્તિઓ પાસેથી કુલ- ૧૫૦૦ રૂપિયાની વસૂલાત કરી હતી. ગામમાં ફરિજીયાત માસ્ક પહેરવાના જાહેરનામાની કડક અમલવારી કરવા પણ સરપંચ અને તલાટીશ્રીને જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી ગાંધીનગર તાલુકાના ભાટ, કોટેશ્વર, અંબાપુર, શેરથા, છાલા, ચિલોડા(ડ), શિહોલી મોટી, લેકાવાડા અને ગિયોડ ગામની ઓંચિત મુલાકાતે ગયા હતા. તમામ ગામોમાં તેમણે લોક ડાઉનનો ચુસ્ત અમલ કરવા અને લોક ડાઉનનો ભંગે કર્યાની ગ્રામ પંચાયત એ તાત્કાલિક સ્થાનિક પોલીસ સ્ટેશનને જાણ કરવી અને હાજરમાં રહેલા પોલીસ કર્મચારીઓને પણ ગામમાં લોક ડાઉનનો ચુસ્ત અમલ થાય તે અંગેની સૂચના આપી હતી. તેમણે મેડિકલ ટીમ બનાવી આગામી બે દિવસમાં ગામોમાં તમામ ઘરોમાં આરોગ્ય સર્વેલન્સ પૂર્ણ કરવા માટે પણ આરોગ્ય કર્મચારીઓને સૂચના આપી છે.



જિલ્લા વિકાસ અધિકારીએ છાલા ગામે પોઝિટિવ કેસ દર્દીના વીડિયો કોલિંગથી ખબરઅંતર પૂછયા હતા. રોહિતવાસમાં નિયમિત રીતે સેનિટાઈઝેશન થાય તે માટે ગ્રામ પંચાયત, છાલા અને નિયમિત આરોગ્ય સર્વેલન્સ થાય તે માટે મેડીકલ ઓફિસરશ્રી ને સૂચના આપી હતી. તેમજ ચિલોડા(ડ) ગામે શાકભાજી અને ફળની લારીઓને નિયંત્રિત કરવા અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે પોલીસ સ્ટેશનને જાણ કરવા સરપંચશ્રી અને તલાટી કમ મંત્રી શ્રી ને કાર્યવાહી કરવા માટે સુચના આપી હતી. શિહોલી મોટી ગામે રાજસ્થાનથી આવેલ અને હોમ ક્વોરેન્ટાઈન કરેલ વ્યક્તિના ઘરની રૂબરૂ મુલાકાત લઈ વીડિયો કોલિંગ થી વ્યક્તિ સાથે વાત કરી હતી. લેકાવાડા ગામે મધ્ય પ્રદેશથી આવેલ અને હોમ ક્વોરેન્ટાઈન કરેલ વ્યક્તિના ઘરની રૂબરૂ મુલાકાત લઈ વીડિયો કોલિંગ થી વ્યક્તિ સાથે વાત કરી હતી.



### ચિલોડા વિસ્તારોમાં કોરોના મુક્ત રહેવા પ્રાર્થના-ભજનો-આરતી

દહેગામ તાલુકાના હાલીસા ખાતે એસઆરપીના જવાન તેની પત્ની-માતા-માસુમ પુત્રી તથા અન્ય યુવાન કોરોનાગ્રસ્ત બનતા ઝડપથી સ્વસ્થ બને તથા ગામમાં કોઈ કોરોનાગ્રસ્ત ન બને તેવા શુભ આશયથી શ્રદ્ધાળુ દ્વારા ગામના મહાકાળી માતાના મંદિરે, સધીમાતાના મંદિર સહિત દેવ-દેવી મંદિરે ૧૧૦૦૦ દીવા પ્રગટાવી પોતાના ઘરે રહી મહાઆરતીનું આયોજન કર્યુ હતુ. ભાવિક ભક્તજનોએ ઘરે લાડુ-કંસાર બનાવી ઉજાણી કરી ધાર્મિક શ્રદ્ધાપૂર્વક હવે કોરોનાગ્રસ્ત ન બને તેવી ઈષ્ટદેવને અરજ કરી હતી. તેવી રીતે ડભોડા ગામે શ્રદ્ધાના પ્રતિક સમા ડભોડિયા હનુમાન તરીકે સુપ્રસિદ્ધ ડભોડા ખાતે ગ્રામજનો દ્વારા ઘરે ઘરે દીવા પ્રગટાવી કોરોનાથી મુક્ત રહે ગ્રામજનો સ્વચ્છ રહે તેવી પ્રાર્થના કરી હતી. ત્યારબાદ પ્રાંતિયા ગામે સમસ્ત ગ્રામજનો દ્વારા રવિવારે સાંજે ૬.૩૦ વાગે બળિયાદેવ મંદિરે ૧૧૧૧ દીવા પ્રગટાવી ઓમ કોરોના મંત્ર ૧૧૧૧ દીવામાં લખેલ પ્રતિકૃતિરૂપે મંદિરના પૂજારી કાનાજી સોલંકીએ મહાઆરતી કરી હતી. જેમાં જિલ્લા પંચાયતના સદસ્ય અરવિંદસિંહ સોલંકી, સરપંચ જસીબેન ઠાકોર, ડે. સરપંચ હંસાબેન સોલંકી વગેરે ઉપસ્થિત રહી આરતી પૂજા-અર્ચના કરી હતી.

# છાલા અને જાસપુર ગામમાં સંપૂર્ણ લોકડાઉન કરવા જિલ્લા વિકાસ અધિકારીનો આદેશ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર તાલુકાના છાલા અને કલોલ તાલુકાના જાસપુર ગામને તા. ૧૨મી મે, ૨૦૨૦થી સંપૂર્ણ લોક ડાઉન કરવાનો આદેશ જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે હુકમ કર્યો છે.

ગાંધીનગર તાલુકાના છાલા અને કલોલ તાલુકાના જાસપુર ગામ ખાતે કોરોના વાયરસના કેસોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે ગામમાં કડક લોક ડાઉનનું ચુસ્ત અમલવારી કરાવી ખૂબ જરૂરી છે. આથી ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે આ અંગે એક જાહેરનામું બહાર પાડી જણાવ્યું છે કે છાલા અને જાસપુર ગામમાં તા. ૧૨મી મે, ૨૦૨૦ ના સવારના ૬.૦૦ કલાકથી સંપૂર્ણ લોક ડાઉન કરવા જણાવવામાં આવ્યું છે. આ સંપૂર્ણ લોક ડાઉન દરમ્યાન બન્ને ગામમાં તમામ દુકાનો બંધ રાખવાની રહેશે. આ સંપૂર્ણ લોક ડાઉન દરમ્યાન માત્ર ગામની દૂધ અને દવાની દુકાનો જ ખુલ્લી રાખી શકાશે. તેમજ મેડિકલ સેવા ચાલું રહેશે. આ લોક ડાઉનની અમલવારી અન્ય આદેશ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ સંપૂર્ણ લોક ડાઉનનો ભંગ કરનાર વ્યકિત સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. આ હુકમનો અમલ બન્ને ગામોમાં તાલુકા વિકાસ અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સંબંધિત તલાટી કમ મંત્રીએ કરવાની રહેશે, તેવું પણ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જણાવ્યું છે.



લૉકડાઉન-૩નો અમલ ગાંધીનગરમાં કડકાઈથી થઈ રહ્યો છે. એક પછી એક કેસ શહેરમાં વધતા તંત્ર કડક બન્યું છે. શાકભાજી અને કરિયાણાની દુકાનો સાવ બંધ છે તો કચેરીઓ અને બેંકોને પણ બંધ કરી દેવાઈ છે. શહેરની લગભગ તમામ બેંકોમાં કામકાજ બંધ રહ્યું હતું. કોરોનાનો કહેર વધતા લેવાયેલા આ નિર્ણયના પરિણામે શહેર એકદમ સુમસામ બની ગયું હતું.

# ...તો રાજયમાં સંગ્રહખોરી, કાળાબજાર, ભેળસેળ સાથે મોંઘવારી માઝા મૂકશે...!!!

## શ્રમિકોની હિજરતને કારણે બિયારણનું પ્રોસેસિંગ અને પેકિંગ ખોરંભે ચડયું : ગુજરાત રાજ્ય સીડ્સ પ્રોડ્યુસર્સ એસોસિએશને દુષ્કર સમય આવવાની ભીતિ વ્યક્ત કરતાં રાજ્ય સરકારને જાગૃત થવા અપીલ

કોરોના વાયરસે સમગ્ર રાજ્યને ભરડામાં લીધું છે જેના કારણે લાગુ પડેલ લોકડાઉન તા. ૧૭મી પછી પણ કેટલુ ચાલશે તે નક્કી નથી. આ સ્થિતિમાં રાજયમાંથી શ્રમિકોની હિજરત પણ મોટા પાયે થવાથી રાજયમાં બિયારણનું ઉત્પાદન કરતાં ઉદ્યોગને ખૂબ મોટો ગંભીર ફટકો પડ્યો છે. જેના કારણે આગામી સમયમાં રાજ્યમાં અનાજ, કઠોળ, તેલીબિયાં અને ઘાસચારાનું ઘટી શકે છે જે મોંઘવારી અને ભૂખમરાને ઉત્તેજન આપશે અને ખેડૂતો સહિત તમામ નાગરિકોનું જીવન દુષ્કર બનાવશે તેવી ભીતિ ગુજરાત રાજ્ય સીડ્સ પ્રોડ્યુસર્સ એસોસિએશન દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ગુજરાત રાજ્ય સીડ્સ પ્રોડ્યુસર્સ એસોસિએશનના પ્રમુખ એન. પી. પટેલે જણાવ્યુ છે કે "રાજયમાં નાની મોટી ૨૦૦ કરતાં વધુ સીડ્સ કંપનીઓ કાર્યરત છે જેમાં હજારો મજૂરો સીડ પેકિંગ અને પ્રોસેસિંગનું કામ કરે છે. સીડ્સ ઈન્ડસ્ટ્રીઝે લોકડાઉન-૧ ને ટેકો જાહેર કર્યો હતો ત્યાર બાદ લોકડાઉન-૨ એટલે કે તા. ૧૪ એપ્રિલ પછી વહીવટીતંત્ર દ્વારા આપવામાં આવેલા મર્યાદિત મજૂરો સાથેની મંજૂરીપાસને કારણે ખૂબ ઓછા સ્થાનિક મજૂરોથી સીડ્સ પ્રોડક્શનની આંશિક કામગીરી ચાલુ કરવામાં આવી હતી. આ દરમ્યાન હવે પરપ્રાંતીય મજૂરોને પોતાના વતન જવાની મંજૂરી આપવામાં આવતા ખૂબ મોટા પ્રમાણમા શ્રમિકોનું સ્થળાંતર થવા પામ્યું છે જેના કારણે હવે સીડ્સ પ્રોડકશનમાં ઝડપ લાવવી શક્ય નથી."

કૃષિ ક્ષેત્ર અને બીજ ઉત્પાદનની આવશ્યક સેવામાં આવતા હોવાથી ભારત સરકારે પ્રથમ લોકડાઉનથી જ તમામ પ્રકારની મુકિતઓ આપવા રાજ્ય સરકારને સ્પષ્ટ સૂચના આપી હતી પરંતુ કોઈ અગમ્ય કારણોસર ગુજરાત સરકાર દ્વારા આ બાબતે દુર્લક્ષ સેવવામાં આવી રહ્યું છે કેમ કે રાજ્ય સરકારના કૃષિ મંત્રી અને કૃષિ સચિવ દ્વારા જિલ્લા કલેક્ટરોને ભારપૂર્વક સીડ્સ ઉદ્યોગોને મંજૂરી આપવા આદેશો આપવામાં આવ્યા નથી, જાણે કે રાજ્ય સરકારને લોકડાઉન પછીના જનજીવન અને તેની જરૂરિયાતો અંગે કોઈ ફિકર જ નથી. વહીવટી તંત્ર દ્વારા સીડ્સ ઉદ્યોગોને મંજૂરી નહીં આપવાને કારણે બિયારણની મોટા પાયે અછત ઊભી થશે અને લેભાગુ તત્વો દ્વારા સંગ્રહખોરી, ભેળસેળ અને કાળા બજાર જેવી પ્રવૃતિઓને ઉત્તેજન મળશે, છેવાડાના માનવીનું જીવન દુષ્કર બનશે, ભૂખમરો આવશે સાથે સાથે ખેડૂતોની હાલત પણ દયનીય બનશે જેથી સરકાર સામે પ્રજા અને ખેડૂતોનો રોષ ભભૂકી ઉઠશે જેના માટે માત્ર રાજ્ય સરકારની નીતિઓ અને ઉચ્ચ અધિકારીઓ જ જવાબદાર રહેશે. એક વાર સમય હાથમાંથી સરકી ગયા પછી સરકાર પાસે આ પરિસ્થિતમાંથી બહાર નીકળવાનો કોઈ માર્ગ નહીં હોય. ડુંગળી-બટાકાની અછતની સમસ્યાને કારણે ઊંચા ભાવનો સરકારને અનુભવ છે.

### અમદાવાદ-ગાંધીનગર સંપૂર્ણ લોકડાઉન કરતાં સીડ્સ ઉદ્યોગને મોટો ફટકો

ગુજરાત રાજ્ય સીડ્સ પ્રોડ્યુસર્સ એસોસિએશનની ૧૪૫ સભ્ય કંપનીઓ પૈકી અમદાવાદ જીલ્લામાં ૫૯ અને ગાંધીનગર જિલ્લામાં ૨૩ એમ કુલ ૮૨ કંપનીઓ માત્ર આ બે જીલ્લામાં જ તેમની રજિસ્ટર્ડ ઓફીસ અને પ્રોસેસિંગ પ્લાન્ટ ધરાવે છે જે રાજ્યના ૫૭ ટકા જેટલી છે. રાજયમાં આશરે ૭૦ થી ૭૫ ટકા જેટલો બિયારણનો જથ્થો ખાનગી ક્ષેત્રની કંપનીઓ દ્વારા પૂરો પાડવામાં આવે છે. છેલ્લા બે દિવસથી અમદાવાદ અને ગાંધીનગરને સંપૂર્ણ લોકડાઉન જાહેર કરવાના કારણે જે ૮૨થી વધુ સીડ્સ ઉદ્યોગોને અગાઉ પેકિંગ ને પ્રોસેસિંગનું થોડું ઘણું કામ શરૂ થયું હતું તે પણ બંધ થઈ જવા પામ્યું છે. હજુ પણ સીડ્સ કંપનીઓને અન્ય જીલ્લામાં જવા માટે પાસ લેવાનું કામ અત્યંત મુશ્કેલ છે, જેના કારણે સીડ સેમ્પલિંગ, પ્રોક્યોરમેંટ, પ્રોસેસિંગ અને પેકિંગની કામગીરી થઈ શકતી નથી.

### બિયારણ બજારમાં નહીં પહોંચે તો રાજ્યની જનતાએ માઠાં પરિણામો ભોગવવા પડશે

આ વર્ષની ખરીફ ઋતુમાં રાજ્યના ૫૩ લાખ ખેડૂતો કુલ ૮૮ લાખ હેક્ટર જમીનમાં અનાજ, કઠોળ, તેલીબિયાં, શાકભાજી અને ઘાસચારો જેવી જેવી જીવન જરૂરી ચીજવસ્તુઓની વાવણી કરી શકે તે માટે અને આગામી વર્ષ માટે રાજ્યના છ કરોડ નાગરિકો માટે માનવ જીવન માટેની આવશ્યક ખાદ્ય સામગ્રીનુ ઉત્પાદન કરી પૂરી પાડવી અત્યંત જરૂરી છે. સીડ્સ કંપનીઓ પાસે પૂરતું બિયારણ હોવા છતાં પણ બિયારણનું પ્રોસેસિંગ અને પેકિંગ કરી શકાયું નથી જેના કારણે બિયારણ બજારમાં મોકલી શકતા નથી. આ સ્થિતિમાં બિયારણના અભાવે હજારો હેક્ટર જમીનમાં વાવણી જ નહીં થાય તેવા સંજોગો ઊભા થવા પામ્યા છે. આમ, ચાલુ વર્ષે અનાજ, કઠોળ, તેલીબિયાં અને ઘાસચારાના લક્ષ્યાંકો મુજબ ઉત્પાદન નહીં થાય જેના માઠાં પરિણામો રાજ્યની છ કરોડ જનતાએ ભોગવવા પડશે.

# આજે ગાંધીનગર સિવિલમાં ડીજીટલ ટેકનોલોજીથી નર્સિંગ ડે ની ઉજવણી કરાશે

ગાંધીનગર,તા.૧૧

તા.૧૨ મી મે ના ઈન્ટરનેશનલ નર્સિંગ ડે છે. ત્યારે ગાંધીનગરના નર્સિંગ સ્ટાફ દ્વારા પ્રતિવર્ષની જેમ નર્સિંગ ડે ની ઉજવણી વિવિધ સાંસ્કૃતિક પ્રવૃતિઓ દ્વારા કરવામાં આવે છે. હાલ સમગ્ર વિશ્વમાં કોરોનાનો કહેર ચાલી રહ્યો છે.ત્યારે સોશિયલ ડિસ્ટન્સ જાળવીને અને ટેકનોલોજીનો ભરપુર ઉપયોગ કરીને નર્સિંગ ડે ની ઉજવણી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવશે. આ અંગે સિવિલના નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ જાગૃતિ પટેલે જણાવ્યું હતું કે કોરોનામાં દર્દી સાથે તેના સગા નથી રહી શકતા ત્યારે નર્સ દ્વારા તેમની કાળજી રાખવામાં આવે છે.

છેલ્લા ઘણા દિવસથી કામ કરતા આ કોરોના વોરિયર્સને મોટીવેશન મળે અને નર્સિંગ ડે ની ઉજવણીની પરંપરા પણ યથાવત રહે તે માટે આવતીકાલે ખાસ સેલીબ્રેશન કરવામાં આવશે. જેમાં ઝુમ એપની મદદથી નર્સિંગ સ્ટાફ એક જ પ્લેટફોર્મ પર ડીજીટલી એકઠા થશે અને ત્યાં દર્દીની સંભાળ અને ફરજ બાબતે નર્સ શપથ લેશે. આ ઉપરાંત આ મહામારી સામે શકિત મળી રહે તે માટે કેન્ડલ પ્રગટાવી ભગવાનને પ્રાર્થના પણ કરવામાં આવશે.

**ઘરમાં રહો... સુરક્ષિત રહો..**